## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ના હો... આ મુરતીયાની માનું નામ 'હીરાબેન' છે... મારી દિકરીની સાસુ મારી દિકરીને સો વર્ષ હેરાન કરે એ મને ન પોષાય...!

# ગુજરાત અર્ધ લશ્કર સંગઠન દ્વારા પડતર માંગણીઓ મુદ્દે રજુઆત

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત અર્ધ લશ્કર સંગઠન પણ પોતાની માંગણી સાથે સરકાર સામે બાંયો ચડાવી છે. આર્મીના માજી સૈનિકોએ સરકાર સામે પોતાની પ્રશ્નો રજુ કર્યા છે. જેમાં દેશની રક્ષા માટે મરી મીટનાર માજી સૈનિકોને આજે પોતાના હક્ક માંગવા માટે નીકળવુ પડે છે. માજી સૈનિકોએ રાજયમાં એકસમેનનો દરજ્જોની માંગ કરી છે. આ ઉપરાંત શહીદીનો દરજ્જો પણ માંગ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જવાનોને કેન્ટીનની સુવિધા મળે તે માટે અર્ધ લશ્કરની રીઝર્વ ફોર્સને જમીન ફાળવવા, બાળકોના શિક્ષણમાં આરક્ષણ, અર્ધ લશ્કરના નિવૃત જવાનોને સિક્યુરીટીની નોકરી, શહીદ પરિવારને સરકાર દ્વારા જે એક લાખ આપવામાં આવે છે, તેમાં સન્માનજનક રકમ મળે અને શહીદ પરિવારના સદસ્યોને યોગ્યતાના આધારે લાયકાત મુજબ નોકરી, ૨૦૦ યુનિટ સુધી વીજબિલ માફ, ગુજરાતમાં મકાનનો વેરો માફ, હથીયારનું લાયસન્સ તેમજ બસ સેવામાં રાહત, નવ યુવાનોને તાલિમ આપવા, ગુજરાત અર્ધ લશ્કર સંગઠનને જમીન જિલ્લા મુજબ ફાળવવા રહેણાંક પ્લોટ આપવા, નિવૃતિ પછી જવાન ખેતીની જમીન ખરીદી શખે તેવો અધિકાર સહિતની માંગણીઓ કરવામાં આવી છે.

# ઝુંડાલ બ્રીજ પાસેથી જેસીબી મશીનની ચોરી

ગાંધીનગર, તા.૧૮

ઝુંડાલ થી તપોવન જતા રીંગ રોડ પર ઝુંડાલ બ્રીજના ખુણા પર થી જેસીબીની ચોરી થવા પામી છે. ત્યારે અડાલજ પોલીસ મથકે રૂ.૧૮ લાખના જેસીબી ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણા વિકાસનગર સોસાયટી વણઝારાનગર ખાતે રહેતા નરેશ મોહનભાઈ વણઝારા પરિવાર સાથે રહે છે અને માટીકામનો વેપાર કરે છે. જયારે વેપાર ધંધા માટે બે વર્ષ અગાઉ અમદાવાદ અમીન કંપનીમાંથી જેસીબીની ખરીદી કરી હતી. વર્ષ ૨૦૨૦ માં પીળા કલરના જેસીબીનો નંબર જી.જે.૦૨. બી.એસ.૧૬૯૫ છે. જયારે જેસીબીના ડ્રાઈવર તરીકે સુર્યકુમાર સાહુ છેલ્લા છ માસથી નોકરી કરે છે અને તેની પાસે જેસીબી રહે છે. જેસીબીના માલિક નરેશ વણઝારાએ ગત તા.૧૨ જુનથી ઝુંડાલથી તપોવન રીંગરોડ ઉપર ઝુંડાલ બ્રિજના ખુણા પર ટીપી રોડ પર ગટર લાઈનનું કામ ચાલુ હોવાથી ડ્રાઈવર સાથે જેસીબી માટીકામ માટે મુક્યું હતું. જયારે ડ્રાઈવર કામ પુર્ણ થયા પછી બાજુમાં રહેલી ખુલ્લી જગ્યામાં જેસીબી પાર્ક કરીને સુઈ જતો હતો અને સવારે ફરીથી કામ કરતો હતો. ત્યારે આજે સવારે નરેશ પોતાના ઘરે હાજર હતો તે સમયે સવારના ૬ વાગે જેસીબીના ડ્રાઈવરનો ફોન આવ્યો હતો કે ગઈકાલે રાત્રીના આશરે ૧૦ વાગે જેસીબી મુકી સુઈ ગયો હતો. જયારે સવારના ૬ વાગે જોતા જેસીબી મશીન જણાયું ન હતું. જેથી રાત્રીના સમયે કોઈ ચોર ઈશમ જેસીબી ચોરી પલાયન થઈ ગયો છે. જયારે જેસીબી ચોરી થયાની જાણ થતા માલિક તાત્કાલીક આવીને જેસીબીની શોધખોળ કરવા છતા મળી ન આવતા આખરે જેસીબી રૂ.૧૮ લાખની ચોરી થયા અંગે પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● કલેકટર કચેરીમાં પાર્કિંગની સમસ્યા જટિલ થતી જાય છે. આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક બાદ ઘણા અધિકારીઓને ૫૦૦ મીટર સુધી ચાલીને તેમની ગાડી સુધી જવુ પડ્યું હતું.

● જિલ્લા કલેકટર કચેરીની સામે જ એક ખુલ્લી ગટર હોઈ ગમે ત્યારે મોટો અકસ્માત થવાનો ભય છે.

● જિલ્લા પંચાયતમાં આજે સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખના સભ્યોની બેઠક પ્રભારી હર્ષદભાઈ પટેલની હાજરીમાં મળી હતી અને આ પછી બધા સભ્યોએ સમૂહ ભોજન માણ્યુ હતુ.

● ગાંધીનગરમાં સે. ૭ માં રહેતા અને રૂપાલ-આમજામાં ખાનગી પ્રેક્ટીસ કરતા ડૉ. તુષાર પટેલની ગાડી પર રોઝડુ આવતાં ગાડીને મોટુ નુકશાન થયુ છે. સદ્‌નસીબે ડૉ. પટેલને કોઈ ઈજાઓ થઈ નથી.

# સાદરા સંકુલમાં વન સંસ્કરણ તાલીમ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧૭

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરામાં ઈઆઈઆઈ સભાખંડમાં પ્રસારણ વિભાગ, વન સંશોધન સંકુલ ગાંધીનગરના સહયોગથી વન સંસ્કરણ તાલીમ કાર્યક્રમ યોજાયો જેમાં પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના ૨૨ ફેકલ્ટી મેમ્બર, વ્યાયામ વિભાગના ૩૦ ફેકલ્ટી મેમ્બર અને બી.એ. એમ.એ. વિભાગના ૩૨ ફેકલ્ટી મેમ્બર મળીને કુલ ૮૪ શૈક્ષણિક, બિન શૈક્ષણિક અને સલામતી સેવકોએ વન સંસ્કરણ તાલીમ લીધી. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ ડી.એફ.ઓ. વિભાબેન ગોસ્વામીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. નિવૃત્ત વન અધિકારી કે.સી. સોલંકીએ વનનું મહત્વ, વનનું જતન, માનવને ઓક્સિજનની જરૂરિયાત બહુવર્ષાયુ વૃક્ષોનું વાવેતર, વૃક્ષોનું મહત્વ અને વૃક્ષોના છેદનથી ઉભાં થતાં ભયસ્થાનો તેમજ નર્સરીમાં ઉગાડવામાં આવતા છોડની વિગતે માહિતી આપી શ્રોતાજનોને મંત્ર મુગ્ધ કર્યા. ધરતી અને પર્યાવરણને લગતા ગીતો જગદીશ પરીખે ગાઈ તાલીમાર્થીઓને આનંદ વિભોર કર્યા. કન્વીનર પ્રદીપ રાઓલના આયોજન મુજબે આર.એફ.ઓ. વાઘેલાજી અને તાલીમ સહાયક અનંત વાઘેલાના સહયોગથી વન સંસ્કરણ તાલીમ કાર્યક્રમ સફળ બન્યો. આચાર્ય તેજશભાઈ ઠાકર અને ડૉ. નયનેશ વસાવાએ સભા સંચાલન કર્યુ. જયારે સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ કર્યુ.

# અડાલજ દંપતિના કંકાલનો ભેદ ઉકેલવા પોલીસની વિવિધ ટીમો કાર્યરત

ગાંધીનગર, તા.૧૮

અડાલજ ગામની સીમમાં નર્મદા કેનાલ જોગણી માતાના મંદિર નજીક બ્રિજ થી ઝુંડાલ તરફ જતા રોડ પાસે ખાડામાંથી પુરુષ અને મહિલાની હત્યા કરી મૃતદેહ સળગાવેલી હાલતમાં કંકાલ મળી આવ્યા હતા. અડાલજ પાસેથી મળી આવેલા કંકાલને પગલે પોલીસ તંત્રએ છેલ્લા ૧૨ દિવસથી રાત દિવસ એક કરી સીસીટીવી ફુટેજ તેમજ છેલ્લા કેટલાક માસનો ડેટા એકત્ર કરીને વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે.જયારે રાજયના તમામ શહેરમાં ગુમ કપલ અંગે પોલીસ ટીમ મોકલી આપીને પોસ્ટર લગાવવામાં આવશે. જયારે સ્થાનિક પોલીસની સાથે એલસીબી-૧,૨ તેમજ એસઓજીની ટીમ સહિત ૬૦ થી વધુ પોલીસ જવાનોની ટીમ કામે લાગી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજયમાં ગુમ થયેલા મીસીંગ કપલની છેલ્લા છ માસની ડિટેઈલ મંગાવી સ્કુટીની હાથ ધરાઈ રહી છે. જયારે કેટલાક સીસીટીવી કેમેરાના પખવાડીયાના ફુટેજ મંગાવવામાં આવ્યા છે. શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં ગુમ થયેલા કપલની વિગતો સાથે માનવ કંકાલના પોસ્ટરો વિવિધ શહેરમાં લગાવવામાં આવશે. જે સ્થળ થી કંકાલ મળ્યા છે તે અવાવરુ જગ્યા છે. જેથી તે વિસ્તારના ચારે દિશાના હાઈવે દુકાનો સહિતના સ્થળોના ફુટેજનો ડેટા મેળવી લેવાયો છે.જયારે મોબાઈલ ટાવરના ડેટા પણ મેળવી લેવાયો છે. જયારે તંત્ર દ્વારા પોસ્ટર પણ છાપી દીધા છે. પોલીસની વિવિધ દિશામાં મોકલવામાં આવનાર ટીમો દ્વારા પોસ્ટરો બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, હોસ્પિટલ સહિતના સ્થળો પર ચીપકાવવામાં આવશે.





પ્રારંભ કલાવૃંદ, ગાંધીનગર દ્વારા રિવરફ્રન્ટ ખાતે પ્રાચીન ગરબો, મણિયારો રાસ જેવા ગુજરાતી લોકપ્રિય ગરબા પરફોમન્સ કરવામાં આવ્યું હતું જેમાં આ ગ્રુપે લોકોને મંત્રમુગ્ધ કરી મુક્યા હતા.

## ચિલોડા, મહુન્દ્રા, આલનપુર, શિહોલીમોટી તથા સાદરા ગામોમાં ગ્રામસભા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલા મુખ્યત્વે છેલ્લા બે-ત્રણ દિવસથી ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મહુન્દ્રા, આલનપુર, શિલોહીમોટી તથા ચિલોડા ખાતે નિયુક્ત અધિકારીની ઉપસ્થિતિમાં ગામના સરપંચના અધ્યક્ષસ્થાને ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે ચિલોડા ગ્રામ પંચાયતની કચેરી પાસે ગામના સરપંચ શ્રીમતી શ્વેતલબેન જયમીનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગ્રામસભા યોજાઈ હતી. જેમાં ૧૫મા નાણાંપંચ અન્વયે વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

ત્યારબાદ ગ્રામસેવક પી.કે. પરમારે પ્રધાનમંત્રી સન્માનનિધિ હેઠળ લાભાર્થીઓની યાદીનું વાંચન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉર્વશી એમ. પટેલ, જી.ડી.પી.એ. ગાંધીનગર, સીમોન દરજી, માઈનીંગ વિભાગ ગાંધીનગર બી.કે. ડામોર, વિ. અધિકારી ગ્રામપંચાયતના સભ્યો, આગેવાનો, શિક્ષકો, આરોગ્યકર્મી વગેરે ઉપસ્થિત રહી ગ્રામસભા સંપન્ન કરી હતી. આભારવિધિ નટુભાઈ પટેલ પત્રકારે સૌનો આભાર વ્યક્ત કરી સાથ-સહકાર આપવા બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

શિહોલી મોટી ખાતે ગ્રામસભામાં ૧૫માં નાણાંપંચમાં કામોનું ઓડિટ કરવામાં આવ્યું. નવા કામોના ઠરાવો કરવામાં આવ્યા, પી.એમ. કિસાન યોજનાનું ઓડિટ તથા લાભાર્થી ખેડૂતોની યાદી વંચાણમાં લેવામાં આવી હતી.

# જિલ્લાના ૪ આરોગ્ય અધિકારીઓની બદલીના હુકમો કરાયા

### બે અધિકારીની બઢતી સાથે બદલી : એ. ડી. એચ. ઓ. અને આર.સી.એચ.ઓ. બદલાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ૪ આરોગ્યના અધિકારીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જે પૈકી બે અધિકારીઓની બદલી કરવામાં આવી છે જ્યારે બે અધિકારીની બઢતી સાથે બદલી કરવામાં આવી છે.

રાજયના આરોગ્યતંત્રએ ગઈકાલે ૪૫ થી વધુ તબીબી અધિકારીઓની બઢતી અને બદલીના હુકમો જારી કર્યા છે.

જિલ્લાના અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ આર. પટેલની બદલી અમદાવાદ ખાતે તેમજ આર.સી.એચ.ઓ. ડૉ. હરેશ નાયકની બદલી પણ અમદાવાદ ખાતે કરવામાં આવી છે.

જિલ્લામાં રોગચાળા નિયંત્રણ અધિકારી તરીકે ફરજો બજાવતા ડૉ. મુકેશ પટેલની ભાવનગર કોર્પોરેશનમાં બઢતી સાથે બદલી કરવામાં આવી છે.

જિલ્લાના આર.સી.એચ.ઓ. તરીકે કલોલના તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એ.જે. વૈષ્ણવની બઢતી સાથે નિયક્તી કરવામાં આવી છે. અમદાવાદમાં આર.સી.એચ.ઓ. તરીકે ફરજો બજાવતા ડૉ. ગૌત્તમભાઈ નાયકની બદલી અધિક જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે કરવામાં આવી છે.

આરોગ્યના જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી પણ આ માસાન્તે વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે એટલે જિલ્લાના આરોગ્યતંત્રમાં બધા અધિકારીઓ નવા હશે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ ખાતે ચિત્રસ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ,રાંધેજા ખાતે તા-૧૮-૬-૨૦૨૨ શનિવારના રોજ ડ્રોઈંગ કોમ્પિટીશન (ચિત્રસ્પર્ધા) નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓએ કુદરતી સૌંદર્ય અને પર્યાવરણ, પર્યાવરણ બચાવોના મુદ્દા પરથી ચિત્રો દોરીને સુંદર રંગપૂરણી કરેલ હતી. આમ આનંદોત્સાહ સાથે આ સ્પર્ધાની ઉજવણી કરવામાં આવેલ હતી.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને ઋષિવંશી ફાઉન્ડેશન દ્વારા પૂજ્ય હીરાબાના જન્મ દિવસની ઉજવણી





ગાંધીનગર, તા. ૧૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને ઋષિવંશી ફાઉન્ડેશન દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં માતુશ્રી પૂજય હીરાબાના જન્મદિવસની ઉજવણી ભાવભેર કરવામાં આવી. યુનિવર્સિટીના કોન્ફરન્સ હૉલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ફાઉન્ડેશનના સભ્યો તેમજ યુનિવર્સિટીના સ્ટાફ સહિતના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. સગર્ભા મહિલાઓના ગર્ભસંસ્કાર થકી તેજસ્વી સંતાનના જન્મ અને તેજસ્વી બાળક થકી તેજસ્વી ભારતના નિર્માણના આગવા ખ્યાલ સાથે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના કરાવી છે. વર્તમાન સમયમાં વડાપ્રધાન મોદીજી સમગ્ર દેશ સાથે દુનિયામાં પણ પોતાના નેતૃત્વનો પ્રભાવ પાથરી ચૂક્યા છે ત્યારે મોદીજી જેવા તેજસ્વી સંતાનને જન્મ આપનારી માતાના જન્મદિવસની ઉજવણી તો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે જ થવી જોઈએ એવી ભાવના ઋષિવંશી ફાઉન્ડેશનના સ્થાપક તેમજ ભાજપ બક્ષીપંચ મોરચા સામાજિક સંકલન સેલના પ્રદેશ કન્વિનર હેમરાજભાઈ પાડલિયાએ વ્યક્ત કરી હતી. જેને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ સહર્ષ વધાવી લીધી અને શનિવારે બપોરે યુનિવર્સિટીના કોન્ફરન્સ હૉલમાં પૂજ્ય હીરાબાના જન્મ દિવસની ઉજવણી કરાઈ હતી.



૨૧મીએ યોજાનાર વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત આજે જિલ્લા પંચાયત દ્વારા ખાસ તાલિમનું આયોજન સેન્ટ્રલ વિસ્ટા ખાતે કરવામાં આવ્યુ જેમાં કર્મચારીઓ અને અધિકારીઓ જોડાયા હતા.

# સાદરા સંકુલમાં વન સંસ્કરણ તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરામાં ઈઆઈઆઈ સભાખંડમાં પ્રસારણ વિભાગ, વન સંશોધન સંકુલ ગાંધીનગરના સહયોગથી વન સંસ્કરણ તાલીમ કાર્યક્રમ યોજાયો જેમાં પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના ૨૨ ફેકલ્ટી મેમ્બર, વ્યાયામ વિભાગના ૩૦ ફેકલ્ટી મેમ્બર અને બી.એ. એમ.એ. વિભાગના ૩૨ ફેકલ્ટી મેમ્બર મળીને કુલ ૮૪ શૈક્ષણિક, બિન શૈક્ષણિક અને સલામતી સેવકોએ વન સંસ્કરણ તાલીમ લીધી. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ ડી.એફ.ઓ. વિભાબેન ગોસ્વામીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. નિવૃત્ત વન અધિકારી કે.સી. સોલંકીએ વનનું મહત્વ, વનનું જતન, માનવને ઓક્સિજનની જરૂરિયાત બહુવર્ષાયુ વૃક્ષોનું વાવેતર, વૃક્ષોનું મહત્વ અને વૃક્ષોના છેદનથી ઉભાં થતાં ભયસ્થાનો તેમજ નર્સરીમાં ઉગાડવામાં આવતા છોડની વિગતે માહિતી આપી શ્રોતાજનોને મંત્ર મુગ્ધ કર્યા. ધરતી અને પર્યાવરણને લગતા ગીતો જગદીશ પરીખે ગાઈ તાલીમાર્થીઓને આનંદ વિભોર કર્યા. કન્વીનર પ્રદીપ રાઓલના આયોજન મુજબે આર.એફ.ઓ. વાઘેલાજી અને તાલીમ સહાયક અનંત વાઘેલાના સહયોગથી વન સંસ્કરણ તાલીમ કાર્યક્રમ સફળ બન્યો. આચાર્ય તેજશભાઈ ઠાકર અને ડૉ. નયનેશ વસાવાએ સભા સંચાલન કર્યુ. જયારે સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ કર્યુ.





બેક ટુ સ્કુલ કાર્યક્રમ અંતર્ગત શ્રી ગાયત્રી વિદ્યામંદિર લીહોડા-દહેગામને હુન્ડાઈ કાર દહેગામ પરિવાર તરફથી શાળાને સેનીટાઈઝેશન કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે દહેગામના હુન્ડાઈ સેલ્સ મેનેજર જયેશભાઈ પટેલનો શાળાના પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ડભોડા પંથકના સરપંચોએ અનિયમિત વીજ પ્રવાહને લીધે ભારે હાલાકી અંગે રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના મુખ્યત્વે ડભોડા, વિરાતલાવડી, વજાપુરા, વડોદરા, રાયપુર, મેદરા, નવાપુરા તેમજ વાંકાનેરડા ગામોના સરપંચોએ પૂર્વ જિલ્લા પંચાયતના સદસ્ય લલિતસિંહ ઠાકોર સાથે ચિલોડા સબસ્ટેશનમાં કાર્યપાલક ઈજનેર બામણીયાને રજૂઆત દ્વારા આ ગ્રામ્ય વિસ્તારમાં જ્યોતિગ્રામ યોજનાની વીજલાઈનમાં છાશવારે વીજળી ડૂલ થવાના પ્રશ્નોને લીધે ગરીબ પરિવારોને ભારે હાલાકી ભોગવવી પડે છે. વિજપ્રવાહની અનિયમિતતાથી વિજકંપની સામે રોષ પ્રવર્તી રહ્યો છે. ગામડાઓમાં રોજ સાંજના સમયે રાંધણ કે જમવાના સમયે વિજળી વેરણ બનતાં વીજળીના ધાંધિયાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ચોમાસાની શરૂઆતમાં નાના બાળકો, વૃદ્ધો, મહિલાઓને ગરમી સહન કરવાનો વારો આવ્યો છે. આ સિવાય વીજ ધાંધિયાથી અનેક ફરિયાદો ઉઠવા પામી છે. છતે વિજળીએ અંધારાનો અનુભવે ચોરીનો ડર સતાવી રહ્યો છે. આ બાબતે જાગૃત સરપંચોમાં વડોદરા સરપંચ દિલિપસિંહ ઠાકોર, વિરાતલાવડીના સરપંચ ચંદ્રેશ



પરમાર, વાંકાનેરડાના સરપંચ ટીનાભાઈ ઠાકોરની ઉપસ્થિતિમાં જીઈબીના અધિકારી બામણીયા સાહેબને વિજપુરવઠો નિયમિત મળે તેવી ગ્રામ આગેવાનોએ માંગ કરી છે. વિરાતલાવડીના સરપંચે જણાવ્યું કે વહેલાલ ફીડરમાંથી વિરાતલાવડીમાં વીજપ્રવાહ આવતો હોવાથી આ લાઈન ઉપર છેલ્લા બે વર્ષથી કોઈ જ મેઈન્ટેનન્સના અભાવે અનેક ફરિયાદો ઉઠવા પામી છે. વીજલાઈન ઉપરના ઝાડી-ઝાંખરા દૂર કરવાની તાતી જરૂર છે. ચોમાસાની સિઝનમાં વરસાદ કે વાવાઝોડાથી ગ્રામજનોમાં ભારે હાલાકી ભોગવવી પડશે તે અંગે ધ્યાન દોર્યુ હતુ.

સમગ્ર ગ્રામ આગેવાનોને અધિકારીને મહત્વની ખાસ મુશ્કેલ નિવારણ જરૂરી સુચનો કર્યા હતા. બામણિયા સાહેબે આ વીજપ્રવાહ સારી રીતે મળતો રહે તે માટે ઘટતું કરવા બાંયધરી આપી હતી.



ગાંધીનગર હોમિયોપેથીક મેડિકલ કોલેજ દ્વારા ગ્રામ ભારતી સંસ્થામાં નિશુલ્ક પેરિફરલ ઓ પી ડી શરૂ કરવામાં આવી હતી. જેમાં સંસ્થા નાં સંચાલક અમૃતભાઈ પટેલ તથા સંસ્થાનાં સભ્યોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમ કોલેજ ના ચેરમેન પ્રવિણભાઈ ગોહિલ, મેનેજીંગ ડિરેક્ટર વિશાલભાઈ જાદવ, પ્રિન્સીપાલ ડો.શસાનક કોઠારી, વાઈસ પ્રિન્સિપાલ ડો.હેતલ કોટવાલનાં માર્ગદર્શનમાં કરવામાં આવ્યો હતો અને હોસ્પિટલનાં સ્ટાફ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# નેહરુ યુવા કેન્દ્ર ગ્રામ્ય વિસ્તારમાં યોગ દિવસ ઉજવશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલા વહીવટીતંત્ર અને નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિશ્વ યોગ દિવસની ઉજવણી જિલાસ્તરે અડાલજ ત્રિમંદિર અને સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ઘ ૪ અને તાલુકાસ્તરે તેમજ ૨૦ થી વધારે ગામડાઓમાં ગ્રામ્યકક્ષાએ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. જીલ્લાના વિવિધ તાલુકાના યુવક મંડળ મહિલા મંડળ સભ્યો તેમજ રાષ્ટ્રીય યુવા કાર્યકરો ઉપસ્તિથ રહશે. વધુ માહિતી આપતા જિલ્લા યુવા અધિકારીએ જણાવ્યું કે આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ''માનવતા માટે યોગ'' થીમ સાથે કરવામાં આવશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મેસરીયા રાજેશભાઈ સોમાભાઈ, ઉ.વ. ૫૨, સેકટર-૭
- સ્વ. સેનવા ભરતભાઈ કેશાભાઈ, ઉ.વ. ૨૦, ચંદ્રાલા
- સ્વ. ઠાકોર છગાજી શંકાજી, ઉ.વ. ૬૯, માણેકપુર, માણસા
- સ્વ. મહેતા ઈન્દિરાબેન સુરેશભાઈ, ઉ.વ. ૭૩, સેકટર-૨૪


## જન્મદિને વધામણી



જોશી શૈલેષકુમાર બી.
મો. : ૯૮૭૯૮ ૧૯૬૫૭



તીર્થ સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫



વિરાજ
વિનોદભાઈ મેણાત



દિવ્ય પટેલ



અભિષેક નંદન



હુમેરા તેલી
મો. ૭૮૭૮૧ ૪૨૩૪૬